**બિડાણ:** નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૦.૦૬.૨૦૧૫નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ–૧–ક

**વિષય :** કોમ્પ્યુટર કૌશલ્યની CCC / CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવા અંગે..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ 296-320/૨૦૧૫.** **તારીખ : ૦૪/૦૧/૨૦૧૬.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** ઉપર મુજબ.

**<u>નકલ સવિનય રવાના :–</u>**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+
પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ
આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦/૦૬/૨૦૧૫

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦/૦૯/૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૭/૨૦૧૩નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૧૩/૧૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૦૫/૨૦૧૫ નું જાહેરનામું ક્રમાંક: જીએસ/૨૦૧૫/૨૩/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૨/૦૭/૨૦૧૩નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨. જે અધિકારીઓ/કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ/કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (C.C.C./C.C.C.+) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ / અધિકારીઓ ઉચ્ચત્તર પગાર ધોરણ/બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

A1/A2 All table.

circulate

1/1/16

- 1 JAN 2016

- 1 JAN 2015

૩.	સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત વિભાગે તેમના હસ્તકના ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

૪.	સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨/૦૭/૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક: પરચ/ ૧૦૨૦૦૫/ ૧૫૧૯/પાર્ટ-૧/ક ની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડયા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
સચિવાલયના સર્વે વિભાગો (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ)
એકઝીકયુટીવ.સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ,GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.

➢ પત્ર દ્વારા.